

RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 121
Dt.: 10-01-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

# ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં: ટ્રમ્પની ટેરિફની ધમકીઓ પર ભારતનો જવાબ

### વિદેશ મંત્રાલયે કહ્યું, કે બાંગ્લાદેશે લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારતને ધમકી આપી રહ્યા છે. સાથે સાથે ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વાટાઘાટો છતાં હજુ સુધી ટ્રેડ ડીલ થઈ નથી. એવામાં અમેરિકાએ હવે ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. જેના ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે કે ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં. અમે ૧૪૦ કરોડ લોકોના હિત માટે સસ્તા ઈંધણના સ્રોત શોધતા રહીશું. આ સિવાય ભારતે બાંગ્લાદેશ અને ચીન મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે.

અમેરિકામાં આવતા અઠવાડિયે નવું બિલ લાવવાની તૈયારી છે. જેમાં રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની જોગવાઈ છે. જે મુદ્દે ભારતે કહ્યું છે કે આ બિલ પર અમે નજર રાખી રહ્યા છે. અમારી ઉર્જા ખરીદીની નીતિ પહેલેથી જ સ્પષ્ટ છે. અમે ગ્લોબલ માર્કેટમાં ઉતાર ચઢાવ તથા અમારી જરૂરિયાત પ્રમાણે નિર્ણય લઈએ છીએ. ભારત કોઈ પણ દેશથી ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે. અમે ૧૪૦ કરોડ લોકોની ઉર્જાની જરૂરિયાત સાથે કોઈ બાંધછોડ કરીશું નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વધુમાં કહ્યું, કે અમેરિકા તરફથી આપવામાં આવી રહેલી જાણકારી સ્પષ્ટ નથી. ભારત અને અમેરિકા વચ્ચે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ગંભીર વાટાઘાટો ચાલી રહી છે. અમે આજે પણ એવી ડીલ માટે તૈયાર છીએ જેનાથી બંને દેશોને લાભ થાય. અમે એક સંતુલિત ટ્રેડ ડીલ માટે સતત મહેનત કરી રહ્યા છીએ. વિદેશ મંત્રાલયે મોટું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે, કે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ વચ્ચે ૮ વખત ટેલિફોનિક વાતચીત થઈ છે. નોંધનીય છે કે અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ હાલમાં જ કહ્યું હતું, કે અમેરિકા ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે તૈયાર હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો. જેના કારણે ડીલ થઈ શકી નહીં. આ સિવાય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશ અંગે પણ મોટું નિવેદન આપ્યું. વિદેશ મંત્રાલયે કહ્યું, કે બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. બાંગ્લાદેશમાં લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવના વધી રહી છે. સાંપ્રદાયિક ઘટનાઓને રોકવી તે ત્યાંના તંત્રની જવાબદારી છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શકસગામ ખીણમાં ચીન દ્વારા થઈ રહેલા નિર્માણકાર્ય સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે આ સંપૂર્ણ વિસ્તાર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચે ૧૯૬૩માં થયેલો કરાર ગેરકાયદે છે. ભારતે ક્યારેય આ કરારને માન્યતા નથી આપી. જમ્મુ કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે. ચીન અને પાકિસ્તાનને આ વાતથી વારંવાર જણાવવામાં આવી છે. ભારતની જમીન પર પાકિસ્તાન ગેરકાયદે કબજો કર્યો છે અને ત્યાં કોઈ પણ પ્રકારનો વિદેશ હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી. અમેરિકાએ હાલમાં જ રશિયાનું એક જહાજ સીઝ કર્યું છે. જેના પર ૩ ભારતીયો પણ સવાર હોવાના અહેવાલ અંગે વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે, કે અમે સતત નજર રાખી રહ્યા છે. અમેરિકાના મિનેપોલિસમાં ઈમિગ્રેશન અધિકારી દ્વારા મહિલા પર ફાયરિંગ કરવા મુદ્દે વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ તથા પ્રોફેશનલ્સ રહેતા હોવાથી અમે સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છીએ. આટલું જ નહીં વિદેશ મંત્રાલયે ઈરાન, ગ્રીનલેન્ડ મામલે પણ ટિપ્પણી કરતાં કહ્યું, કે અમે નજર રાખી રહ્યા છીએ. સોમાલિયા અંગે પણ ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે સોમાલિયા સાથે ભારતના જૂના સંબંધો રહ્યા છે. સોમાલિયાના સાર્વભૌમત્વની રક્ષા થવી જોઈએ.

# ભાજપ એક સત્તાભૂખી પાર્ટી, તકવાદ તો તેમના DNAમાં છે: ઉદ્ધવ ઠાકરેના આકરા પ્રહાર

### ઉદ્ધવ ઠાકેરેએ એવો પણ આરોપ લગાવ્યો કે ભાજપ કોઈ હિન્દુત્વની પાર્ટી નથી, તે સત્તા માટે પાગલ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હલચલ જોવા મળી રહી છે. એકબાજુ જ્યાં અંબરનાથમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ગઠબંધનના સમાચારો વહેતા થતા હડકંપ મચ્યો હતો ત્યાં જો કે કોંગ્રેસે સાથ આપનારા કોર્પોરેટરોને સસ્પેન્ડ કર્યા અને આ કોર્પોરેટરો ભાજપમાં પણ જોડાઈ ગયા.




આ બધા વચ્ચે હવે શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે અને તેને હિન્દુત્વ સમર્થક પાર્ટી ગણવાની ઘસીને ના પાડી દીધી. તેમણે ભાજપને સત્તા ભૂખી પાર્ટી ગણાવી અને કહ્યું કે મહારાષ્ટ્રની રાજકીય સંસ્કૃતિને તેણે નુકસાન પહોંચાડ્યું. ઉદ્ધવ ઠાકરેએ જનસંઘના ઈતિહાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે પાર્ટી સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનમાં મોડેથી જોડાઈ હતી અને લાભ મળતા જ સૌથી પહેલા તેમાંથી બહાર નીકળી ગઈ હતી. ઠાકેરેએ એવો પણ આરોપ લગાવ્યો કે ભાજપ કોઈ હિન્દુત્વની પાર્ટી નથી. તે સત્તા માટે પાગલ છે. તકવાદ તેમના ડીએનએમાં છે. સત્તામાં રહેવા માટે તેઓ કોઈની પણ સાથે એટલે સુધી કે ગુંડાઓ સાથે પણ હાથ મિલાવવા માટે તૈયાર હોય છે. ઉદ્ધવ ઠાકરેએ તો ભાજપની સરખામણી પણ એક કોષીય અમીબા જેવા જીવ સાથે કરી નાખી કે જે પોતાના રસ્તામાં આવનારી દરેક વસ્તુ ગળી જવા માંગે છે. અકોટ મ્યુનિસિપલ કાઉન્સિલમાં છૈરૈંર સાથે ભાજપના ગઠબંધન પર તેમણે તેને ભાજપનું લવજેહાદ ગણાવ્યું. ઠાકરેએ એવો પણ આરોપ લગાવ્યો કે ભાજપના કેટલાક મંત્રીઓ બીફ (ગૌમાંસ) ખાય છે આમ છતાં હિન્દુત્વ પર બીજાને ઉપદેશ આપે છે. તેમણે કહ્યું કે નગર નિગમની ચૂંટણીઓમાં હિન્દુ-મુસલમાન નહીં પરંતુ વહીવટ અને શાસન મહત્વના મુદ્દા હોવા જોઈએ. અત્રે જણાવવાનું કે મહારાષ્ટ્રમાં બીએમસીની ચૂંટણીઓ નજીક છે. આવામાં રાજ્યના વર્તમાન રાજકારણ પર ચિંતા વ્યક્ત કરતા પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે બીએમસી ચૂંટણી વિચિત્ર માહોલમાં થઈ રહી છે. નિષ્પક્ષ ચૂંટણીની આશા જતાવતા તેમણે કહ્યું કે એક સમયે શાલીનતા અને શિષ્ટાચાર એ મહારાષ્ટ્રના રાજકારણની ઓળખ હતી પરંતુ હવે સંપૂર્ણ રીતે સ્થિતિ બગડી ગઈ છે. મુંબઈની ઓળખ અને ભાષાવાળા મુદ્દાઓ પર ઠાકરેએ આકરું વલણ પણ અપનાવ્યું. તેમણે કહ્યું કે મુંબઈનો મેયર મરાઠી જ હશે.

ઠાકરેએ એવો પણ સવાલ ઉઠાવ્યો કે ભાજપ મુંબઈ શહેર પર હિન્દી અને અન્ય ભાષાઓ કેમ થોપવાની કોશિશ કરે છે. ઘાટકોપરને ગુજરાતી ભાષી વિસ્તાર ગણાવવા બદલ પણ તેમણે આપત્તિ જતાવી. તેમણે રાજ્ય સરકાર પર મુંબઈ પર લગભગ ત્રણ લાખ કરોડ રૂપિયાનું કરજ લાદવાનો અને શહેરના સંસાધનોની લૂંટ મચાવવાનો આરોપ લગાવ્યો. તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં મુંબઈમાં મરાઠી લોકોને ધમકાવવાની ઘટનાઓ વધી છે. ભેદભાવ થઈ રહ્યો છે. તેમના જણાવ્યાં મુજબ ભાજપના નેતાઓનું વર્તન એટલા માટે બદલાયું છે કારણ કે તેમના બોસ દિલ્હીમાં બેઠા છે.

# હિમાચલમાં મુસાફરો ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકી: ૮ લોકોના મોત અનેક ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

હિમાચલ પ્રદેશમાં એક મોટી બસ દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. સિરમૌર જિલ્લાના હરિપુરધારમાં એક ખાનગી બસ ઊંડી ખીણમાં ખાબકતા આ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલોને ઘટનાસ્થળેથી બહાર કાઢવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો ઘાયલોને રસ્તા પર લાવી રહ્યા છે. બસ ખીણમાં ખાબકતા ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસ સંપૂર્ણપણે નાશ પામી હતી. મામલાની ગંભીરતા જોઈને એસપી સિરમૌર એનએસ નેગી ઘટનાસ્થળે રવાના થઈ ગયા છે. તેમણે કહ્યું કે લગભગ ૮ લોકોના મોતની માહિતી મળી છે. પોલીસે આ મામલે બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. સિરમૌરના પોલીસ અધિક્ષક નિશ્ચિંત સિંહ નેગીએ જણાવ્યું હતું કે કુપવીથી શિમલા જતી એક ખાનગી બસ સિરમૌર જિલ્લાના હરિપુરધાર પાસે રસ્તા પરથી ઊંડી ખીણમાં જતાં આઠ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક વધી શકે છે. બસમાં ૩૦-૩૫ લોકો સવાર હતા. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. હું ઘટનાસ્થળે જઈ રહ્યો છું. પોલીસ અને અન્ય બચાવ ટીમો ઘાયલોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. શુક્રવારે બપોરે સિરમૌર જિલ્લાના હરિપુરધારમાં એક ખાનગી બસ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. બચાવ કામગીરી ચાલી રહી છે. ગંભીર રીતે ઘાયલ પાંચ દર્દીઓને સારવાર માટે હાયર સંગ્રાહ, દાદાહુ અને નાહાન લાવવામાં આવી રહ્યા છે. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ દરમિયાન, ઉદ્યોગ મંત્રી હર્ષવર્ધન ચૌહાણે સરકાર વતી શોક વ્યક્ત કર્યો. તેમણે નિર્દેશ આપ્યો કે ગંભીર રીતે ઘાયલ દર્દીઓને નાહાનની મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવી રહી છે તેમની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.






### પુતિનના ઘર પર ડ્રોન હુમલાનો બદલો!

# રશિયાએ ઓરેશ્નિક મિસાઈલ છોડી યુક્રેનમાં તબાહી મચાવી

### રશિયાના સંરક્ષણ મંત્રાલયનાએ દાવો કર્યો છે કે આ હુમલો પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે વધુ વિનાશક તબક્કામાં પહોંચ્યું છે. રશિયાએ (નવમી જાન્યુઆરી) તેની અત્યંત ઘાતક અને હાઈપરસોનિક ક્ષમતા ધરાવતી ઈન્ટરમીડિયેટ-રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (IRBM) ઓરેશ્નિક (Oreshnik)થી યુક્રેન પર હુમલો કર્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયનાએ દાવો કર્યો છે કે આ હુમલો ડિસેમ્બર ૨૦૨૫માં પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે. અહેવાલો અનુસાર, રશિયાએ આ વખતે યુક્રેનના પશ્ચિમ ભાગમાં આવેલા લ્વિવ (Lviv) ક્ષેત્રને નિશાન બનાવ્યું છે. સ્ટ્રાઈ શહેર નજીક આવેલી યુક્રેનની સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગેસ સ્ટોરેજ ફેસિલિટી પર મિસાઈલ ખાબકી હતી. આ હુમલાને કારણે સમગ્ર લ્વિવ ઓબ્લાસ્ટમાં ગેસનું પ્રેશર ઘટી ગયું છે અને અનેક વિસ્તારોમાં પુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. કડકડતી ઠંડીમાં ગેસ પુરવઠો ખોરવાતા નાગરિકોની હાલત કફોડી બની છે. અઠમી અને નવમી જાન્યુઆરી, ૨૦૨૬ની રાત્રે યુક્રેન પર મોટો હુમલો થયો, જેમાં ૨૪૨ ડ્રોન અને ૩૬ મિસાઈલોનો સમાવેશ થતો હતો, જેમાં ઓરેશ્નિક મિસાઈલનો પણ સમાવેશ થતો હતો. આ હુમલાને શિયાળાની ઋતુમાં ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડીને યુક્રેનને ઘૂંટણિયે લાવવાની રશિયાની આ મોટી ચાલ હોવાનું મનાય છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, યુક્રેને નવગોરોડ ક્ષેત્રમાં પુતિનના નિવાસસ્થાન પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના બદલામાં આ મિસાઈલ છોડવામાં આવી છે.






## તંત્રી લેખ......

### આ ગુસ્સો ફક્ત અંકિતાનો નથી

ઉત્તરાખંડમાં, અંકિતા ભંડારી હત્યા કેસમાં વીઆઈપી આરોપીઓની ધરપકડનો અભાવ, રેકોર્ડબ્રેક બેરોજગારી (૮.૯%) અને બેકાબૂ સ્થળાંતર જેવા મુદ્દાઓએ વ્યાપક જાહેર આક્રોશ ફેલાવ્યો છે. દરમિયાન, એન્જલ ચકમા કેસ અંગે દેહરાદૂન માં અશાંતિ છે. ઉત્તરાખંડમાં જંગલમાં આગ લાગવાની મોસમ શરૂ પણ થઈ નથી, પરંતુ રાજ્ય પહેલાથી જ ગરમી અનુભવી રહ્યું છે. ૨૦૨૨ માં થયેલી હત્યા અંગે અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દરમિયાન, રાજધાની દેહરાદૂન માં, એન્જલ ચકમા અંગે અશાંતિ છે. ત્રિપુરાના એક વિદ્યાર્થી પર દેહરાદૂન માં જાતિવાદી હુમલો થયો હતો, જેના પરિણામે તેનું મૃત્યુ થયું હતું.

૨૦૨૨ માં, ૧૯ વર્ષીય અંકિતા ભંડારી, જે એક હોટલ કર્મચારી હતી, તેની હોટલના મેનેજર પુલકિત આર્ય દ્વારા હત્યા કરવામાં આવી હતી. અંકિતાએ વીઆઈપી મહેમાનને જાતીય સુવિધા આપવાનો ઈનકાર કર્યો હતો. એવો આરોપ છે કે વીઆઈપી મહેમાન ભાજપ સાથે સંકળાયેલા હતા. ગયા વર્ષથી આ મામલે આક્રોશ ચાલી રહ્યો હતો, અને હવે રાજ્યભરમાં આંદોલન ફાટી નીકળ્યું છે. પુલકિતને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે, પરંતુ રાજ્યના લોકો અને વિપક્ષ ગુસ્સે છે કે સરકાર હજુ પણ વીઆઈપીને પકડવામાં નિષ્ફળ રહી છે.

બેરોજગારી એક મુખ્ય મુદ્દો છે. વિરોધ પ્રદર્શનોમાં બેરોજગારીનો મુદ્દો પણ ઉઠાવવામાં આવી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રોજગારના અભાવે, અંકિતા જેવા લોકોને અસુરક્ષિત પરિસ્થિતિમાં કામ કરવાની ફરજ પડી રહી છે. ગયા ડિસેમ્બરમાં રાજ્યસભામાં રજૂ કરાયેલ પીએલએફએસ ડેટા દર્શાવે છે કે ઉત્તરાખંડમાં બેરોજગારીનો દર ૮.૯% છે, જે દેશમાં સૌથી વધુ છે.

મહિલાઓની સ્થિતિ. ઉત્તરાખંડમાં મહિલાઓ સામે ગુનાનો દર વધારે નથી, તેથી જ અંકિતાના કેસ પર ગુસ્સો સ્વાભાવિક છે. છેલ્લા ૧૦ વર્ષથી, ૧૮-૨૩ વર્ષની વયની મહિલાઓમાં ઉચ્ચ શિક્ષણમાં રાજ્યનું પ્રદર્શન રાષ્ટ્રીય સરેરાશ જેટલું અથવા તેનાથી વધુ સારું રહ્યું છે. મહિલા સ્વ-સહાય જૂથોએ અડધી વસ્તીને સશક્ત બનાવી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પુરુષોનું સ્થળાંતર ઊંચું હોવા છતાં, તેનું કારણ ફક્ત આર્થિક નથી.

સ્થળાંતરની સમસ્યા. વનનાબૂદી અને પ્રવાસી માળખાના નિર્માણે પર્યાવરણીય ટકાઉપણાને અવગણ્યું છે. આનાથી ઉત્તરાખંડ સંવેદનશીલ અને ભારે હવામાન ઘટનાઓ માટે ખૂબ જ સંવેદનશીલ બન્યું છે. આનાથી ગ્રામીણ વિસ્તારોમાંથી મોટા પાયે સ્થળાંતર થઈ રહ્યું છે. નીતિ આયોગ ૨૦૨૩ ના અહેવાલ મુજબ, રાજ્યની ૬૪% વસ્તી સ્થળાંતરથી પ્રભાવિત છે. આ જ કારણ છે કે ૧૫મા નાણા પંચે આપત્તિ વ્યવસ્થાપનમાં ઉત્તરાખંડનો હિસ્સો ૪.૨% સુધી વધારી દીધો છે, જે અગાઉ ૧.૯% હતો. દરમિયાન, ઉત્તરાખંડ હાઈકોર્ટ ૭,૩૭૫ વન સીમાસ્તંભોના ગાયબ થવા અંગેના કેસની સુનાવણી પણ કરી રહી છે. આ કેસ મસૂરી વિભાગમાં વન અધિકારીઓની મિલકતો સાથે સંબંધિત હોવાનું કહેવાય છે.

મહત્વપૂર્ણ મુદ્દાઓ ગૌણ છે. આ બધું જોતાં, એ સ્પષ્ટ છે કે અંકિતાના નામે વ્યક્ત કરવામાં આવી રહેલો ગુસ્સો અનોખો નથી. તેની પાછળ સામાન્ય લોકો સામે અનેક પડકારો રહેલા છે. આમ છતાં, સરકારની પ્રાથમિકતાઓ બીજે ક્યાંક હોય તેવું લાગે છે. તેનો રસ સામાજિક નિયંત્રણ માટે કાયદા ઘડવામાં રહેલો છે. તેણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ રજૂ કર્યો. હવે, તે હરિદ્વારના ઘાટ પર બિન-હિંદુઓને પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે, ભલે આ ગેરબંધારણીય હોય. જાહેર જગ્યાઓ દરેકની છે. વિરોધ પ્રદર્શનો મૂળભૂત રીતે સરકારને કાયદો અને વ્યવસ્થા, રોજગાર અને હિમાલયની પવિત્રતાનું રક્ષણ જેવા મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે હાકલ છે.

### ચાઈનીઝ દોરી મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી

## ચાઈનીઝ દોરીના વેચાણ અને સંગ્રહ અંગેના ૪૦૯ ગુના નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી ૧૪મી જાન્યુઆરીએ રાજ્યમાં ઉત્તરાયણનો પર્વ ઉજવાશે. ઉત્તરાયણના દિવસે લોકો પતંગ ચગાવતા હોય છે. જેમાં ચાઈનિઝ દોરીના કારણે અનેક પ્રકારના બનાવો સામે આવે છે. પશુ અને પક્ષીઓને ગંભીર ઈજાઓ પહોંચે છે. જ્યારે રસ્તા પર જતા વાહન ચાલકોના ગળા કપાય છે. આ દોરીથી ઘણીવાર મોતની ઘટનાઓ પણ સામે આવતી હોય છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટમાં ચાઈનીઝ દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુદ્દે આજે સુનાવણી યોજાઈ હતી.

હાઈકોર્ટમાં ચાઈનીઝ દોરીના ઉપયોગને લઈને હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. ગૃહ વિભાગે ગુજરાત હાઈકોર્ટમાં જવાબ રજૂ કર્યો છે. સરકારે કોર્ટમાં રજૂ કરવામાં આવેલા જવાબમાં કહ્યું હતું કે, પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવી છે. સરકારે કોર્ટમાં કહ્યું હતુ કે, ચાઈનીઝ દોરીના વેચાણ અને સંગ્રહ અંગેના ૪૦૯ ગુના નોંધાયા છે. જ્યારે ૪૭૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

સરકારે કોર્ટમાં કહ્યું હતું કે, ૨.૬૭ કરોડના ૭૧૮૧૯થી વધુ દોરા અને સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. રાજ્ય સરકારે એવું પણ કહ્યું હતું કે, જનજાગૃતિ માટે સરકારે ૩૪૨ જેટલી પબ્લિક મીટિંગ પણ કરી હતી. હાલમાં રાજ્યમાં પ્રતિબંધિત દોરી અંગે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

## લગ્નના માત્ર ૧૦ જ દિવસમાં દુલ્હન રોકડ-દાગીના લઈ રફુચક્કર થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લાના લુણાવાડા પંથકમાં 'લૂંટેરી દુલ્હન'નો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે. લુણાવાડાના એક યુવકે મોટી આશાઓ સાથે એક યુવતી સાથે લગ્ન કર્યા હતા. લગ્નના શરૂઆતના ૧૦ દિવસ સુધી બધું સામાન્ય જણાતું હતું અને યુવતી પતિના ઘરે હળીમળીને રહી હતી. જોકે, દસ દિવસ પૂર્ણ થતાની સાથે જ આ નવવધૂ અસલી મકસદ પાર પાડીને અચાનક ગાયબ થઈ ગઈ હતી.

સવારે જ્યારે પરિવાર જાગ્યો ત્યારે યુવતી ઘરમાં નહોતી અને તપાસ કરતા માલૂમ પડ્યું કે તે ઘરમાં રાખેલા લાખોના દાગીના પણ પોતાની સાથે લઈ ગઈ છે.

પીડિત યુવકના જણાવ્યા અનુસાર, આ લૂંટેરી દુલ્હન ઘરમાંથી અંદાજે ૨.૫૦ લાખની રોકડ રકમ અને સોના-ચાંદીના કિંમતી દાગીના લઈને ફરાર થઈ ગઈ છે. લગ્નના નામે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા જ યુવક અને તેના પરિવારે લુણાવાડા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે છેતરપિંડીનો ગુનો નોંધીને યુવતી અને આ લગ્ન કરાવનારા મધ્યસ્થીઓની શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે કે લગ્ન નક્કી કરતા પહેલા યુવતીના પરિવાર અને બેકગ્રાઉન્ડની તપાસ કરવી કેટલી અનિવાર્ય છે.

### પ્રભાસની ધરતી પર ઊઘડતી ઉષા એ હર હર મહાદેવ, જય સોમનાથના નાદથી સ્ટેશન પરિસર ગુંજી ઉઠ્યું

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા વિશેષ ટ્રેન મારફતે પધારેલા શિવ ભક્તોનું વેરાવળ સ્ટેશન પર ઉષ્માભર્યું સ્વાગત

### રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદથી ટ્રેનમાં પધારેલા યાત્રિકોનું ઢોલ નગારા, શરણાઈ, ભાતીગળ ગરબાથી સ્વાગત





તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન યોજાઈ રહેલ ભારતની આધ્યાત્મિક આસ્થાના પ્રતિક 'સ્વાભિમાન પર્વ' અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શિવભક્ત શ્રદ્ધાળુઓ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોથી સોમનાથ આવવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે વિશેષ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પવિત્ર સોમનાથધામે આવનારા શ્રદ્ધાળુઓને સુલભ, સુરક્ષિત અને અનુકૂળ મુસાફરી મળી રહે તે માટે સરકાર દ્વારા આયોજનબદ્ધ વ્યવસ્થા કરવામાં આવી છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે વેરાવળ રેલવે સ્ટેશન પર વિશેષ સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ શહેરોથી ટ્રેન મારફતે પહોંચેલા શિવભક્ત શ્રદ્ધાળુઓનું કુમકુમ તિલક કરી તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને ઢોલ-નગારા, શરણાઈ અને ભાતીગળ ગરબા દ્વારા હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં ભક્તિભાવ, આત્મીયતા અને સોમનાથ પ્રત્યેની અડગ આસ્થાનો ભાવ સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો.

૯ જાન્યુઆરીની ઊઘડતી ઉષાએ યાત્રાળુઓના 'હર હર મહાદેવ - જય સોમનાથના નાદથી પ્રભાસ ભૂમિ પર વેરાવળ સ્ટેશન પરિસર ગુંજી ઉઠ્યું હતું. સ્ટેશથી મંદિર સુધી અને પરત ત્રણ સુધી જવા માટે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ વિશેષ બસ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના થકી રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ દર્શન કરી શકે છે. વિશેષ ટ્રેન સુવિધાથી શિવભક્તોને સમયસર અને આરામદાયક મુસાફરી મળી રહી છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શ્રદ્ધાળુઓ માટે આવાગમન, માર્ગદર્શન તથા વ્યવસ્થાપન સહિતની વિવિધ સુવિધાઓ સુચારુ રીતે અમલમાં મૂકવામાં આવી છે.

વેરાવળ રેલવે સ્ટેશનથી સોમનાથ મંદિર સુધી શ્રદ્ધાળુઓને સરળતા અને સગવડ મળે તે માટે સંકલિત આયોજન કરવામાં આવ્યું છે.

યાત્રાળુ પ્રતિભાવ

આ અંગે તાપી જિલ્લાના શ્રી અક્ષય પંચાલ એ જણાવ્યું કે અમને આપવામાં આવેલી સુવિધાના લીધે સારી રીતે દર્શન થઈ શકશે. આ અવસરમાં સહભાગી થવાનો આનંદ છે. સુરતના રહેવાસી શ્રી હેલી બહેન રાઠોડ એ જણાવ્યું હતું કે અહીયા ટ્રેનમાં યાત્રા દરમિયાન સારી સુવિધા મળી. સ્ટેશન થી મંદિર સુધી જવાની બસમાં વ્યસ્થા છે જેથી સરળતાથી દર્શન થઈ શકશે. - જય

## કચ્છ–સૌરાષ્ટ્ર માટે નિકાસ અને રોકાણની નવી દિશાઓ: રિવર્સ બાયર્સ-સેલર મીટ દરમિયાન VGRC રાજકોટ ૧૫૦૦ થી વધુ MoUનું સાક્ષી બનશે

રાજકોટમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન (VGRE) અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) દરમિયાન ગુજરાતના વિકાસ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવાની તૈયારી છે. ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ (RBSM) અંતર્ગત ૧૫૦૦થી વધુ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, જ્યારે ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં ૧૮૦૦થી વધુ B2B મીટિંગ્સ યોજાશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે.

★૨૬,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું વિકાસનું પ્રદર્શન

૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦ થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ ઝ્રદ્ગઝ્ર સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે.

રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ (RBSM) સ્થાનિક MSME, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન ૧૮૦૦ થી વધુ B2B મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦ થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬ થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

★છ થીમેટિક ડોમમાં ગુજરાતના વિકાસનું દર્શન

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને MSME પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે.

★આત્મનિર્ભર ભારતથી વિકસિત ગુજરાત સુધી

આ ઈવેન્ટ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSME, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, કોર્પોરેટ્સ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવશે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સોમનાથ મુલાકાત: શહેરી વહીવટીતંત્ર અને સફાઈ કર્મચારીઓ સોમનાથની સ્વચ્છતામાં આપી રહ્યા છે અતુલ્ય યોગદાન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૧૦ અને ૧૧ જાન્યુઆરી દરમિયાન સોમનાથની મુલાકાત લેવાના છે. વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા સોમનાથ ખાતે 'સોમનાથ સ્વાભિમાન પર્વ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે, જેના થકી સમગ્ર સોમનાથ ભક્તિમય અને શિવમય બન્યું છે. આ ભક્તિમય ઉત્સવમાં સોમનાથને સ્વચ્છ અને પવિત્ર બનાવવા માટે શહેરનું વહીવટીતંત્ર અને અનેક સફાઈ કર્મચારીઓ પોતાનું અતુલ્ય યોગદાન આપી રહ્યા છે.

સોમનાથ મહાદેવના સાંન્નિધ્યમાં જે ભક્તિનો માહોલ જામ્યો છે, તેને સ્વચ્છતાના માધ્યમથી વધુ મનમોહક બનાવવામાં શહેરી વહીવટીતંત્ર અને સફાઈ કામદારોએ પાયાની ભૂમિકા ભજવી છે. વિવિધ નગરપાલિકાઓના સંકલન દ્વારા સ્વચ્છતાનું એક ભગીરથ કાર્ય અહીં સાકાર થઈ રહ્યું છે.

★વિવિધ નગરપાલિકાઓના ૧૦૦૦થી વધુ સફાઈકર્મીઓ આપે છે ખડેપગે સેવા

ઉલ્લેખનીય છે કે, સોમનાથ શહેરને સ્વચ્છ બનાવવા માટે માનવબળનું એક વિશાળ ગઠબંધન રચાયું છે. સફાઈકાર્ય માટે વેરાવળ નગરપાલિકાના ૩૦૦થી વધુ તેમજ અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર અને અન્ય નગરપાલિકા વિસ્તારોના ૭૦૦થી વધુ મળીને કુલ ૧૦૦૦થી વધુ સફાઈ કર્મયોગીઓ અહીં ખડેપગે સેવા આપી રહ્યા છે. છેલ્લા ૫ દિવસથી દિવસ-રાત જોયા વગર આ સફાઈકર્મીઓ સોમનાથ અને વેરાવળને સ્વચ્છ રાખવા માટે સતત પરસેવો પાડી રહ્યા છે.

★મુખ્ય માર્ગોની સફાઈ માટે આધુનિક મિકેનાઈઝ્ડ સ્વીપિંગ મશીનો

માર્ગોની સફાઈ અને કચરો ઉપાડવા સાથે રસ્તાની આસપાસ વધારાનું ઘાસ તથા ઝાડ-પાનના છાંટણીની કામગીરી પણ યુદ્ધના ધોરણે કરવામાં આવી છે. આધુનિક મિકેનાઈઝ્ડ સ્વીપિંગ મશીનો દ્વારા મુખ્ય માર્ગોની સઘન સફાઈ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, બહારથી આવતા શ્રદ્ધાળુઓ માટે ઊભા કરાયેલા રહેણાંક સ્થળો અને ભંડારાના સ્થળો પર ખાસ સફાઈ ટુકડીઓ તહેનાત કરવામાં આવી છે. યાત્રિકોની સુવિધા માટે વિવિધ સ્થળોએ ૪૦ થી વધુ મોબાઈલ ટોયલેટ (ચલિત શૌચાલય) ની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સોમનાથ ખાતે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' એ ભક્તિનું પાવન પર્વ છે. આ પર્વમાં જ્યારે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા હોય, ત્યારે શહેરી વહીવટીતંત્ર અને સફાઈ કામદારોની આ મથામણ પ્રશંસનીય છે. તેમના અથાગ પરિશ્રમને કારણે જ સોમનાથ અને વેરાવળનું વાતાવરણ સ્વચ્છ, સુંદર અને પવિત્ર જળવાઈ રહ્યું છે.

## નશાના નેટવર્કનો પર્દાફાશ, દોઢ કિલો ચરસ સાથે ૨ શખ્સોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

ગુજરાતને નશામુક્ત બનાવવાના અભિયાન હેઠળ વડોદરા શહેર પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. વડોદરા શહેરના હરણી ગોલ્ડન ટોલનાકા પાસેથી ઉત્તર પ્રદેશના કાંસગંજથી લાવવામાં આવતો માદક પદાર્થ ચરસનો મોટો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી કુલ રૂપિયા ૧૯.૧૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.વડોદરા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઉત્તર પ્રદેશના કાંસગંજથી કેટલાક ઈસમો નશીલા પદાર્થો સાથે વડોદરામાં પ્રવેશી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે હરણી ગોલ્ડન ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૦૯/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૩૮૫૪ | ૧,૧૮૯.૦૦ | ૧,૯૧૪.૦૦ |
| ૨ | એરંડા | ૧૫ | ૧,૨૮૫.૦૦ | ૧,૨૯૭.૦૦ |
| ૩ | ઘઉં | ૪૫૯ | ૫૧૦.૦૦ | ૫૫૨.૦૦ |
| ૪ | બાજરી | ૪ | ૪૦૦.૦૦ | ૪૫૬.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૦.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | મગ | ૧૧ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૨૬.૦૦ |
| ૭ | અડદ | ૨ | ૧,૪૦૦.૦૦ | ૧,૪૩૨.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૯૮ | ૧,૪૮૦.૦૦ | ૧,૫૭૬.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧ | ૯૨૫.૦૦ | ૯૫૪.૦૦ |

મુનિમજી સોફટવેર

### 'કરૂણા અભિયાન': પક્ષીઓ માટે એક કરૂણાસભર પહેલ

## ઉત્તરાયણ પર્વમાં ઘાયલ થયેલા પક્ષીઓની સારવાર માટે રાજ્યભરમાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન યોજાશે 'કરૂણા અભિયાન':વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

### સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચરતા હોય છે જેથી શક્ય હોય તો આ સમયે પતંગ ન ચગાવવા મંત્રીશ્રીની પતંગબાજોને અપીલ

રાજ્યમાં મકરસંક્રાંતિ-ઉત્તરાયણના પર્વના દરમિયાન પતંગ-દોરીથી અનેક અબોલ પશુ-પક્ષીઓ ઘાયલ થતા હોય છે. આ સાથે જ,તહેવારને ધ્યાને લઈ ધર્મપ્રેમી નાગરીકો પશુઓને ખાસ કરીને ગાયને ઘુઘરી,રજકો અને લીલુ ઘાસ વગેરે ખવડાવતાં હોય છે. જેના થકી ઘણીવાર પશુઓને આફરો અને પોઈઝનીંગ થતું હોય છે. આવા પશુ-પક્ષીઓને તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ કરીને યોગ્ય સારવાર પૂરી પાડી શકાય તે માટે વર્ષ ૨૦૧૫થી દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આવતીકાલે તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન કરૂણા અભિયાન હાથ ધરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું.

મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરૂણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે. છેલ્લા ૦૯ વર્ષમાં કરૂણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧.૧૨ લાખથી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા છે. ગુજરાતે સૌપ્રથમવાર શરુ કરેલું 'કરૂણા અભિયાન'નું આદર્શ મોડલ આજે સમગ્ર દેશ માટે પથદર્શક બન્યું છે.

મંત્રીશ્રીએ ઉત્તરાયણ પર્વની સૌને શુભેચ્છા આપી અપીલ કરતા કહ્યું હતુ કે, સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચરતા હોય છે જેથી સવારે અને સાંજે શક્ય હોય તો પતંગ ન ચગાવવા જોઈએ. સાથે જ ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો પણ ઉપયોગ ન કરવા જણાવ્યું હતું.

મંત્રી શ્રી મોઢવાડિયાએ આ અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં કરૂણા અભિયાન ૨૦૨૬ અંતર્ગત વન વિભાગ, પશુપાલન વિભાગ અને સ્વયંસેવી સંસ્થાઓ સાથે મળીને રાજ્યભરમાં કુલ ૪૫૦ જેટલા કલેક્શન સેન્ટર, ૮૫ જેટલા કંટ્રોલરૂમ તથા ૪૮૦ વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓના સારવાર તેમજ બચાવ કાર્ય માટે કાર્યરત કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર કુલ ૭૪૦થી વધુ વેટરનરી ડોકટર તથા અંદાજે ૮,૫૦૦ થી વધુ કર્મચારીઓ-સ્વયંસેવકો પક્ષીઓના બચાવ-સારવાર માટે સેવા આપી રહ્યા છે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં ૧૯૬૨ નંબર ડાયલ કરી ઘાયલ પક્ષીઓની સારવાર માટે સહાય મેળવી શકાશે. આગામી તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓના બચાવ માટે અને પક્ષીઓને સમયસર સારવાર આપવા વાઈલ્ડ લાઈફ હેલ્પ લાઈન નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરાયો છે. આ નંબર પર વોટ્સએપમાં "ૐ" લખવાથી નજીકના પક્ષી સારવાર કેન્દ્રોની જાણકારી મેળવી શકાશે. સવારે ૭ થી સાંજે ૬ દરમિયાન દરેક તાલુકામાં કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જરૂર જણાશે તો કરૂણા એમ્બુલન્સ સ્થળ પર થઈ ઘાયલ પક્ષીઓની બચાવ કામગીરીમાં જોડાશે.

મંત્રી શ્રી માળીએ કહ્યું હતું કે, ઘાયલ પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા વન વિભાગ દ્વારા જિલ્લાવાર નોડલ અધિકારી તથા નિયંત્રણ અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે. તમામ મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને અન્ય વિસ્તારોમાં આ કરૂણા અભિયાનને વેગ આપી તેમાં સ્વંયસેવી સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓનો સહયોગ લેવામાં આવશે.

આ અભિયાનમાં મોટી સંખ્યામાં યુવાનો અને સામન્ય પ્રજાજનો જોડાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જાગૃતિ કાર્યક્રમો પણ ઠેર ઠેર યોજાશે. ચાયનીઝ માંજાનો ઉપયોગ ન કરવા અને સુર્યોદય તથા સુર્યાસ્ત સમયે પક્ષીઓ વધુ પ્રમાણમાં આકાશમાં ઉડતા હોવાથી આ સમયે પતંગ ન ચગાવવા પણ મંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરી હતી.

- જનક દેસાઈ/શીરીન સૈયદ

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# વિક્લી માર્કેટ રિપોર્ટ: ચાંદીનો વાયદો રૂ.૨,૫૯,૬૯૨ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો: સોનાના વાયદામાં રૂ.૧૯૩૮ ની વૃદ્ધિ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૦ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૨૪૫૭૦ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૨૨૭૭૨ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૨૨૬૨૧ કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૮૦૬ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨થી ૮ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૧૪૭૪૩૦.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૨૪૫૭૦.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૭૨૨૭૭૨.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૮૫.૩૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૮૦૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૭૨૪૩.૧૯ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૨૨૬૨૧.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૯૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૯૧૪૯ અને નીચામાં રૂ.૧૩૫૫૦૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૫૮૦૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૯૩૮ના ઉછાળા સાથે રૂ.૧૩૭૭૪૨ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૭૩૦ વધી રૂ.૧૧૨૬૬૬ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૦ વધી સપ્તાહના અંતે રૂ.૧૪૦૫૪ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧૨ વધી રૂ.૧૩૭૬૮૩ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭૧૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૯૯૫૦ અને નીચામાં રૂ.૧૩૬૫૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૬૯૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૫૭૮ વધી રૂ.૧૩૮૨૭૫ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૩૯૦૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૫૯૬૯૨ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૨૩૫૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨૩૫૮૭૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૪૫૧ના ઉછાળા સાથે રૂ.૨૪૩૩૨૪ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૯૮૯ વધી રૂ.૨૪૫૯૮૭ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૮૦૧૭ વધી રૂ.૨૪૬૦૨૭ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૫૫૭૬૯.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૨૨.૩ ઘટી રૂ.૧૨૭૦.૨ના સ્તરે પહોંચ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો ૭૦ પૈસા ઘટી સપ્તાહના અંતે રૂ.૩૦૭.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧૧.૫૫ વધી રૂ.૩૦૮.૮૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. સીસું જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૮.૨ વધી રૂ.૧૯૦.૯૫ના સ્તરે પહોંચ્યો હતો.




એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૬૧૪૪.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૪૬૭ અને નીચામાં રૂ.૪૨૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧૨૯ ઘટી રૂ.૪૩૫૭ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૨૧૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩૧૭ અને નીચામાં રૂ.૫૦૩૫ના મથાળે અથડાઈ, રૂ.૫૨૨૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૬૦ ઘટી રૂ.૫૧૬૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૬૦ ઘટી રૂ.૫૧૬૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૨.૮ ઘટી રૂ.૩૦૬.૭ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૨૩.૧ ઘટી રૂ.૩૦૬.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૦૦૯.૯ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૯.૫ ઘટી રૂ.૯૯૮.૬ના સ્તરે પહોંચ્યો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૫૨૦ વધી સપ્તાહના અંતે રૂ.૨૬૦૨૦ના ભાવે બંધ થયો હતો. એલચી જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૪ વધી રૂ.૨૬૯૫ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૮૨૩૫.૧૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯૪૩૮૬.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૪૬૫૧૬.૮૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૨૮૯.૯૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૮૪૨.૦૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૮૮.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૯૦૪૬.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૭૦૧૭.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩૦.૨૨ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૨.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૨.૧૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૪૯૧૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૯૪૨૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૬૪૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૭૮૮૫૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૨૧૧૩ લોટના સ્તરે હતો.

ચાંદીના વાયદાઓમાં ૧૨૪૩૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૭૪૭૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૬૧૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૩૬૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૫૬૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૫૯૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૩૨૧ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૬૯૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૦૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૯૫૫ પોઈન્ટ વધી ૩૫૮૦૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

---

### મહિલાઓ મહાદેવને અર્પણ કરાયેલા પીતાંબરમાંથી કલાત્મકતાથી કુર્તા બનાવે છે જે દેશ વિદેશના શિવ ભક્તો કરે છે ધારણ

# સોમનાથની પાવન ભૂમિ પરથી આસ્થા અને સ્ત્રી સશક્તિકરણના સંગમથી એક નવો અધ્યાય લખાયો; વસ્ત્ર પ્રસાદની પહેલથી સોમનાથની અનેક સ્થાનિક મહિલાઓ બની લખપતિ દીદી

## સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સમાનઘરથી ધજા સુધીને બિલ્વવનથી વસ્ત્ર પ્રસાદ સુધી સ્ત્રી સશક્તિકરણને પ્રાધાન્ય

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં જીવ માત્રનું કલ્યાણ થઈ રહ્યું છે. દાદાની દિવ્ય આશિષમાં સોમનાથની સ્થાનિક મહિલાઓ રોજગારી મેળવી સ્ત્રી સશક્તિકરણ તરફ આગળ વધી રહી છે. સોમનાથ મહાદેવ મંદિરમાં સમાનઘરથી લઈ આકાશે લહેરાતી ધજા સુધી અને બિલ્વવનથી લઈને વસ્તુ પ્રસાદ સુધી મંદિર ટ્રસ્ટ દ્વારા ફક્ત સ્થાનિક મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ભગવાન સોમનાથની પાવન ભૂમિ પરથી આસ્થા, સ્ત્રીસશક્તિકરણ અને આત્મનિર્ભર ભારતનો એક નવો અધ્યાય લખાયો છે. અહીં, મહાદેવને અર્પણ થતાં પીતાંબર હવે માત્ર આસ્થાનું પ્રતીક નથી, પરંતુ દાદાના વસ્ત્રો ગ્રામીણ મહિલાઓના આર્થિક સ્વાવલંબનનું માધ્યમ બન્યા છે. શ્રી સોમનાથ ટ્રસ્ટની એક અનોખી પહેલ અંતર્ગત, આ પવિત્ર વસ્ત્રોમાંથી કલાત્મક અને આકર્ષક કુર્તા તૈયાર કરવામાં આવે છે, જે દેશ-વિદેશના શિવભક્તો સુધી મહાદેવના પ્રસાદ બનીને પહોંચ્યા છે જેની સાથે સોમનાથની આસપાસના ગામોની મહિલાઓને 'લખપતિ દીદી' બનાવવાનો માર્ગ પણ મોકળો થયો છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તેમનું 'નારી શક્તિ'ને 'રાષ્ટ્ર શક્તિ' બનાવવાનું ઓજસ્વી માર્ગદર્શન આ પહેલમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. આ પહેલ સોમનાથની સામાજિક જવાબદારીની ઊંડી પરંપરાનો જ એક વિસ્તાર છે જેમાં આ પહેલાં પણ, શ્રી સોમનાથ મહાવેદ અને માતા પાર્વતીના શૃંગારમાં ઉપયોગમાં લેવાયેલા પવિત્ર વસ્ત્રોને હજારો જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવ્યા છે. મહાદેવનો આ વસ્ત્ર પ્રસાદ જ્યારે કોઈ વ્યક્તિ સુધી પહોંચે છે, ત્યારે તેની સાથે એક અમૂલ્ય સંદેશ પણ જાય છે કે, તે ક્યારેય એકલો નથી, કારણ કે 'સૌના નાથ એવા સોમનાથ તેની સાથે છે'.

આત્મા, પરમાત્મા અને આત્મીયતાની આ ભાવનાને આગળ વધારતા, ટ્રસ્ટે આસ્થાને આત્મનિર્ભરતા સાથે જોડી છે. પ્રધાનમંત્રીશ્રીની 'લખપતિ દીદી'ની સંકલ્પના, જેનો ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓની વાર્ષિક આવકને એક લાખ રૂપિયાથી વધુ કરવાનો છે, તેને શ્રી સોમનાથ ટ્રસ્ટે ધાર્મિક અને આધુનિક બિંદુઓનો અદ્ભુત સંગમ કરીને સાકાર રૂપ આપ્યું છે. જેની સાથે આસ્થાના તાંતણે ગૂંથાઈ રહ્યું છે આત્મનિર્ભરતાનું વસ્ત્ર.

સ્થાનિક મહિલાઓ મહાદેવને શ્રદ્ધાપૂર્વક અર્પણ કરાયેલા પીતાંબરને ખૂબ જ કલાત્મકતાથી ભવ્ય વસ્ત્ર પ્રસાદના રૂપમાં પરિવર્તિત કરી રહી છે. આ કુર્તાઓની વિશેષતા માત્ર તેમનું પવિત્ર મૂળ જ નથી, પરંતુ તેમની આધુનિક ડિઝાઈન પણ છે. રંગબેરંગી, ડિઝાઈનર કોલર અને ડમરૂ, ત્રિશુલ, શિખર સહિતની શિવ-તત્વ સાથે જોડાયેલી વિશેષ બેક પ્રિન્ટ સાથે તૈયાર કરાયેલા આ કુર્તા આજના સમયના ફેશન ટ્રેન્ડને પણ પૂરા કરે છે.

સોમનાથની નજીકના ગામડાઓની મહિલાઓ, જે આ પહેલ સાથે જોડાયેલી છે, તેમના ચહેરા પર એક નવો આત્મવિશ્વાસ છે. તે કહે છે, ' દાદા સોમનાથના દિવ્ય આશિષથી આજે અમે ઘરના ઉંબરો ઓળંગી ખુદ પગભર બન્યા છીએ. પહેલા અમે ઘરના કામો સુધી જ સીમિત અમારી ઓળખ આજે અમારા હાથથી બનેલા કુર્તા સાથે ભગવાનના આશીર્વાદ બનીને દેશના ખૂણે-ખૂણે પહોંચી છે જેના વિચાર માત્રથી જ મન ગર્વથી ભરાઈ જાય છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટની આ વાત્સલ્ય રૂપી યોજના એ સુનિશ્ચિત કરી રહી છે કે અનેક મહિલાઓ દ્વારા નિર્મિત આ વસ્ત્ર પ્રસાદ માત્ર સ્થાનિક બજારો સુધી સીમિત ન રહે. ટ્રસ્ટની વેબસાઈટ દ્વારા સુદ્રઢ વિતરણ પ્રણાલીથી, આ આકર્ષક કુર્તા દિલ્હી, મુંબઈ, બેંગલુરુ જેવા મહાનગરો અને દેશ-વિદેશમાં બેઠેલા ભક્તો સુધી પહોંચ્યા છે. જેનાથી ન માત્ર આ મહિલાઓની આવકમાં અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે, પરંતુ તેમની કળા અને મહેનતને એક રાષ્ટ્રીય મંચ પણ મળ્યું છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગ્રામીણ મહિલાઓને કૌશલ્ય વિકાસ માટે વિશેષ પ્રશિક્ષણ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે.

- બળવંતસિંહ જાડેજા

---

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમનો કાર્યક્રમ થયો જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. પ્રવાસની શરૂઆત સોમનાથ થી કરશે, સોમનાથ મંદિરને પહેલા કરતા વધુ ભવ્ય દેખાવ આપવામાં આવ્યો છે. વિનાશ થી પુર્નત્થાન સુધીની ૧ હજાર વરસની આ યાત્રાને યાદ કરવા માટે ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૧૧ જાન્યુઆરીના રોજ યોજાનાર સમારોહમાં હાજરી આપવાના છે. ૨૦૨૬ નુ વર્ષ એટલા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે તે મંદિરના આધુનિક પુનઃ સ્થાપનની ૭૫ મી વર્ષગાંઠ છે. ૧૯૫૧ માં તેનુ આધુનિક અભિષેક સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોનુ પરીણામ હતુ, જેના ભાગરૂપે આજે તારીખ ૧૦ મી એ વડાપ્રધાન સોમનાથ રાત્રી રોકાણ કરશે અને આવતી કાલે તારીખ ૧૧ મી ને સવારે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ગીર સોમનાથ તંત્ર દ્વારા તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. સોમનાથ મંદિર ખાતે સ્વાભિમાન પર્વની ઉજવણી કરાશે, જેમાં ૧૦૮ અશ્વો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્વાભિમાન યાત્રા પણ યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગળ અને પાછળ અશ્વો રહેશે. સોમનાથ ના ઈતિહાસમાં પહેલીવાર ૨ કિ.મી. લાંબો ભવ્ય રોડ શો યોજાશે. શંખ સર્કલ થી સદભાવના ગ્રાઉન્ડ સુધી સ્વાભિમાન યાત્રા યોજાશે. સ્વાભિમાન યાત્રાનુ સમાપન સદભાવના ગ્રાઉન્ડ ખાતે થશે. સદભાવના ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાહેર સભાને સંબોધન



કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તારીખ ૧૦,૧૧ અને ૧૨ જાન્યુઆરીએ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ રાજકોટ અને અમદાવાદમાં વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમજ વિકાસ કામોની સમિક્ષા બેઠક પણ યોજશે. વડાપ્રધાનની મુલાકાતને લઈને રાજય સરકાર અને વહિવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન મોદી રાજકોટમાં આવતી કાલે તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનુ ઉદ્ઘાટન કરશે. આ કોન્ફરન્સમાં દેશ વિદેશના ઉદ્યોગપતિઓ, નીતિ નિર્માતાઓ અને રોકાણકારો ભાગ લેશે. વડાપ્રધાન રાજકોટ પહોચશે ત્યારે શહેરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રાજકોટ શહેર અને આજુબાજુના વિસ્તારોમાં સુરક્ષા અને વ્યવસ્થાને લઈ પોલીસ તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૩ દિવસના ટાઈમ અને સમયની રૂપરેખા વડાપ્રધાન આજે તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ સાંજે ૪:૨૫ કલાકે રાજકોટ એરપોર્ટ પર, ૫:૩૫ કલાકે સોમનાથ હેલીપેડ, ૫:૪૫ કલાકે સોમનાથ સર્કીટ હાઉસ(રાત્રી રોકાણ) આવતી કાલે તારીખ ૧૧ જાન્યુઆરીએ સવારે ૯:૪૫ કલાકે સોમનાથમાં દર્શન અને પુજા, ૧૦:૨૫ કલાકે શોભાયાત્રા (રોડ શો), ૧૧ કલાકે સભાને સંબોધન, ૧૨:૧૦ કલાકે સોમનાથ હેલીપેડ થી રાજકોટ રવાના, ૧:૩૦ કલાકે રાજકોટ મારવાડી યુનિર્વસિટી કાર્યક્રમમાં હાજરી આપશે, ૩:૫૫ કલાકે રાજકોટ હેલીપેડથી અમદાવાદ થશે રવાના, સાંજે ૫ કલાકે સાબરમતી આશ્રમની મુલાકાત, સાંજે ૬:૩૦ કલાકે ગાંધીનગર રાજભવનમાં રાત્રી રોકાણ, તારીખ ૧૨ જાન્યુઆરીએ સવારે ૮:૨૫ કલાકે અમદાવાદ સાબરમતી આશ્રમ, સવારે ૯ કલાકે સાબરમતી રીવરફ્રન્ટ, ૯:૪૦ કલાકે જુની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીની મેટ્રોમાં મુસાફરી કરશે, ૧૦:૫૫ કલાકે મહાત્મા મંદિરમાં કાર્યક્રમમાં, ૧૧ કલાકે ફેડરલ રીપબ્લિક ઓફ જર્મનીના ચાન્સેલર સાથે મુલાકાત, બપોરે ૨:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટ થી દિલ્હી જવા રવાના.

---

### પ્રસાદ વિતરણમાં ૫૫ અને ભોજનાલયમાં ૩૫ મહિલા કામ કરી મેળવી રહી છે રોજગારી

# નારી સશક્તિકરણ અને સ્વાવલંબનની સુગંધ: સોમનાથ મંદિરના માધ્યમથી ૩૬૩ મહિલાઓને વર્ષે રૂ. ૯ કરોડની રોજગારી

## સોમનાથ મંદિર ટ્રસ્ટમાં ૨૫૨ મહિલાઓ વિવિધ પદો પર બખૂબીથી બજાવે છે ફરજો

ભારતની પ્રાચીન સાંસ્કૃતિક ધરોહર અને આધ્યાત્મિક ચેતનાનું જીવંત પ્રતીક એવા શ્રી સોમનાથ મંદિરને વિશ્વ શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર તરીકે ઓળખે છે. પરંતુ આજે આ પવિત્ર ધામ માત્ર પૂજા-અર્ચના અને દર્શન સુધી સીમિત નથી રહ્યું, તે મહિલા સશક્તિકરણનું સશક્ત અને પ્રેરણાદાયક કેન્દ્ર બની ઊભર્યું છે. સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા અપનાવવામાં આવેલા માનવકેન્દ્રિત અને સમાજહિતલક્ષી અભિગમથી મહિલાઓને આત્મનિર્ભર બનવાની નવી દિશા મળી છે.



સોમનાથ મંદિર ટ્રસ્ટમાં હાલ કુલ ૯૦૬ કર્મચારીઓ સેવા આપી રહ્યા છે, જેમાંથી ૨૬૨ મહિલાઓ છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ ટ્રસ્ટની સમાવેશક વિચારધારા અને સમાન અવસરની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. મંદિર સંચાલન, સેવાકીય કામગીરી અને દૈનિક વ્યવસ્થામાં મહિલાઓની સક્રિય ભાગીદારીથી કાર્યપ્રણાલીમાં સંવેદનશીલતા, શિસ્ત અને સમર્પણનો અનોખો સંગમ જોવા મળે છે.

મંદિર પરિસરમાં આવેલું પવિત્ર બિલ્વ વન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંભાળવામાં આવે છે, તે વિશેષ ગૌરવની બાબત છે. અહીં કાર્યરત ૧૬ મહિલાઓ પર્યાવરણ સંરક્ષણ, હરિત સંવર્ધન અને સ્વચ્છતા સાથે મંદિરની પવિત્રતાને જાળવી રાખી રહી છે. આ વ્યવસ્થા મહિલાઓના કુશળ સંચાલન અને જવાબદારીભાવનું ઉત્તમ ઉદાહરણ બની છે. આ ઉપરાંત, મંદિરના ભોજનાલયમાં ૩૦ મહિલાઓ દ્વારા નિષ્ઠાપૂર્વક સેવા આપવામાં આવી રહી છે. હજારો શ્રદ્ધાળુઓને પ્રેમ અને સેવાભાવથી ભોજન પીરસતી આ મહિલાઓ મંદિરની માનવસેવી પરંપરાને જીવંત રાખે છે. પ્રસાદ વિતરણ જેવી પવિત્ર અને વિશ્વાસભરેલી કામગીરીમાં ૬૫ મહિલાઓની ભાગીદારી તેમની શિસ્ત, સમર્પણ અને વિશ્વસનીયતાને દર્શાવે છે. કુલ મળીને સોમનાથ મંદિર ટ્રસ્ટના માધ્યમથી ૩૬૩ મહિલાઓને સીધી રોજગારી મળી રહી છે. આ તમામ મહિલાઓ દ્વારા વર્ષે અંદાજે ૯ કરોડ રૂપિયાની આવક સર્જાઈ રહી છે, જે તેમના આર્થિક સ્વાવલંબન અને જીવનસ્તરમાં થતા સકારાત્મક પરિવર્તનનું સ્પષ્ટ સૂચક છે. આ આવક સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

આ રીતે શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટે આધ્યાત્મિક વારસાને સામાજિક જવાબદારી સાથે સુમેળમાં રાખી મહિલા સશક્તિકરણનો એક અનુસરવા યોગ્ય મોડેલ ઉભો કર્યો છે. શ્રદ્ધાના આ પવિત્ર ધામમાંથી આજે આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને સ્વાવલંબનની સુગંધ પ્રસરી રહી છે.

---

# વડોદરામાં ડીઆરએમ કપ ૨૦૨૬ ક્રિકેટ સ્પર્ધાનો આરંભ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના પ્રતાપનગર સ્થિત માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં ડીઆરએમ કપ ૨૦૨૬ ક્રિકેટ સ્પર્ધાનો આરંભ થયો છે. સ્પર્ધાનું ઉદ્ઘાટન વડોદરા વિભાગના ડી.આર.એમ. રાજુ ભડકે દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે ભડકેએ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહેલી તમામ ટીમોના ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અને રમતભાવના સાથે પૂરી લગનથી રમવા તેમજ દરેક મેચ જીતવાની ભાવનાથી મેદાનમાં ઉતરવા આહ્વાન કર્યું હતું. આ ક્રિકેટ કપમાં વડોદરા વિભાગના વિવિધ વિભાગો તેમજ અધિકારીઓની ટીમો સહિત કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. ડીઆરએમ કપ ૨૦૨૬ની ફાઈનલ મેચ તા. ૨૦ જાન્યુઆરીના રોજ માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં રમાશે.

---

# અમદાવાદમાં ત્રણ નવા ફાયર સ્ટેશનને મંજૂરી મળી: દર ૧૦ કિ.મી.એ એક ફાયર સ્ટેશન બની શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ સતત સતર્ક રહીને ૨૪ કલાક માનવજીવનની રક્ષા કરે છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ફાયર વિભાગે માત્ર આગ બુઝાવવાની કામગીરી જ નહીં, પરંતુ સંકટમાં ફસાયેલા નાગરિકોને જીવનદાન આપવાની મહત્વપૂર્ણ જવાબદારી સફળતાપૂર્વક નિભાવી છે. આ સમયગાળા દરમિયાન ફાયર વિભાગે કૂલ ૬,૪૪૧ ઈમરજન્સી કોલ પર તાત્કાલિક પ્રતિસાદ આપ્યો હતો, જેમાં ૨,૮૩૫ આગના કેસ તેમજ ૩,૬૦૬ રેસ્ક્યુ ઓપરેશનનો સમાવેશ થાય છે. દરેક કોલ પાછળ કોઈ એક પરિવારની આશા, કોઈ જીવનો સંઘર્ષ અને ફાયર જવાનોની નિષ્ઠાપૂર્વકની ફરજ છુપાયેલી છે.આ વ્યાપક કામગીરી દરમિયાન ફાયર વિભાગે ૬૭૮ લોકોના જીવ બચાવી અનેક પરિવારોને ફરીથી જીવનની ખુશી આપી છે. આગ, અકસ્માત, ઊંચાઈ પરથી પડવાના બનાવો કે પાણીમાં ફસાયેલા નાગરિક હોય, દરેક પરિસ્થિતિમાં ફાયર જવાનોએ પોતાના જીવને જોખમમાં મૂકી બીજાને નવુ જીવન આપ્યું છે. નોંધનીય બાબત એ છે કે, વર્ષ ૨૦૨૧થી આજ સુધી સાબરમતી નદીમાંથી ૨૭૧ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, જે ફાયર વિભાગની ચોકસાઈ અને માનવતાભરી કામગીરીનું પ્રતિબિંબ છે.આ આંકડાઓ માત્ર આંકડા નથી, પરંતુ સેંકડો ઘરોમાં ફરી પ્રગટેલી ખુશી, તૂટેલી આશાને મળેલી નવી જિંદગી અને એવા સૈનિકોની નિષ્ઠા દર્શાવે છે, જે કોઈ પ્રશંસાની અપેક્ષા વિના નિઃશબ્દ રીતે સેવા આપે છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ આજે માત્ર એક વિભાગ નહીં, પરંતુ નાગરિકો માટે વિશ્વાસ અને સુરક્ષાનું મજબૂત કવચ બની ગયું છે, જ્યાં કોઈ પણ જીવ જોખમમાં હોય, ત્યાં ફાયર બ્રિગેડ હંમેશા હાજર હોય છે.એએમસી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું કે, આવનાર સમયગાળા દરમિયાન મહાનગરપાલિકા દ્વારા શહેરમાં દર ૧૦ કિલોમીટરે એક ફાયર સ્ટેશન હોય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ટૂંક સમયમાં ત્રણ ફાયર સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં સરદારનગર, હાથીજણ, રાણીપમાં નવા ફાયર સ્ટેશન બની ગયાં છે. જેમાં સ્ટાફમાં ફાયર ઓફિસર, એડિશનલ ફાયર ઓફિસર, ફાયરમેન એમ અંદાજિત ૨૦૦ જેટલાં સ્ટાફની જગ્યા માટે ભરતી કરવામાં આવશે, તે માટે આજની સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી આપવામાં આવી છે. તેને પરિણામે શહેરમાં જ્યારે હાઈરાઈઝ બિલ્ડીંગો બનતી હોય ત્યારે કોઈપણ જાતની દુર્ઘટના બને તો તરત જ આ ફાયરના જવાનો ત્યાં ઝડપથી પહોંચી શકે

**પશ્ચિમ રેલ્વે**

**પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (રોલિંગ સ્ટોક) EMU કારશેડ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે, મુંબઈ- 400034. ઇ-ટેન્ડર સૂચના નં. DRM/RS/2020-21/04 તા. 08.01.2026 ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ: CS01 અને CS02 સાથે ICF Spec.No.ICF/Elec/110 Rev.) મુજબ EMU કેબ્સમાં 415 V AC, 3-ફેઝટાવર એસી સિસ્ટમનો સપ્લાય, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમત: ₹. 7,77,32,500/-. EMD: ₹. 5,38,700/-. સબમિશનની તારીખ અને સમય: તા. 02.02.2026 ના 15:00 કલાક પછી નહીં. નિર્ધારિત તારીખ અને ખુલવાનો સમય: તા.02.02.2026 ના રોજ 15:30 કલાકે. www.ireps.gov.in દ્વારા જોઈ અને સબમિટ કરી શકાય છે. 0990

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ**

**વિવિધ સામગ્રી પુરવઠો**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર. S/02/2026 તારીખ 06.01.2026

| ક્ર.નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 7 | બ્રેક બીમ | 311 નંગ | 09-ફેબ્રુ.-26 |
| 8 | કોક AHB માટે ઓવરહોલિંગ કીટ | 818 સેટ | 05-ફેબ્રુ.-26 |
| 9 | ક્ષેત્ર નબળા પડવાના રેઝિસ્ટર (RS) નો સેટ | 18 નંગ | 05-ફેબ્રુ.-26 |
| 10 | N2 બોર્ડ થી મેસર્સ ફ્રેવેલી મેક ભાગ નં. 1/6000008A | 136 નંગ | 04-ફેબ્રુ.-26 |
| 11 | LHB કોચ માટે ડાબી આવૃત્તિના હેન્ડ બ્રેક ગોઠવણી સાથે બ્રેક સિલિન્ડર | 36 નંગ | 04-ફેબ્રુ.-26 |
| 12 | BOXNHLમાટે CASNUB 22 HS બોગીની જોડી | 15 જોડી | 04-ફેબ્રુ.-26 |
| 13 | ઈલેક્ટ્રોનિક બ્રેક વાલ્વ માટે ઓવરહોલિંગ કીટ | 42 સેટ | 04-ફેબ્રુ.-26 |
| 14 | હાઈ બિલ્ટ ઇપોક્સી પેઇન્ટ | 68159 લિટર | 03-ફેબ્રુ.-26 |
| 15 | 5400 KVA લોકો મેઈન ટ્રાન્સફોર્મર પૂર્ણ | 2 નંગ | 03-ફેબ્રુ.-26 |
| 16 | લીડ એસિડ બેટરી 300 AH | 20 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 17 | કાસ્ટ આયર્ન સ્ટાન્ડર્ડ ટેસ્ટ વજન 50 કિલોગ્રામ | 3552 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 18 | પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ | 168 નંગ | 02-ફેબ્રુ.-26 |
| 19 | સબ કીટ POH-I | 15 સેટ | 31-જાન્યુ.-26 |
| 20 | 150 ચોરસ મીમી x 4 કોર 1100 વોલ્ટ ગ્રેડ | 2549 મીટર | 31-જાન્યુ.-26 |

શુધ્ધિપત્ર

ટેન્ડર નોટિસ નં. 746 પર તારીખ: 01.12.2025 માટે કૃપા કરીને "12.01.2026" તરીકે નિયત તારીખ વાંચો

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0983

અમને લાઈક કરો: facebook.com/WesternRly •અમને ફોલો કરો: X.com/WesternRly

# હિંમતનગરમાં ભોલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા જેસંગબાપા વાનપ્રસ્થ ભવનનું ભવ્ય લોકાર્પણ અને શિવકથાનો પ્રારંભ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના ભોલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આજે શુક્રવારે સવારે ૯ કલાકે જેસંગબાપા વાનપ્રસ્થ ભવનનુ ઉદ્ઘાટન ખુબ જ ભવ્ય રીતે કરવામાં આવ્યુ હતું. આ મંગલમય પ્રસંગે પુજય રામજી બાપા અને પુજય નરસિંહ બાપા એ આશીર્વચન પાઠવી ભવનનુ લોકાર્પણ કર્યુ હતું.

આ સમયે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભકતો પુજય સંતોના ભકિતમય અને મધુર વ્યાખ્યાન સાંભળી ભાવવિભોર બન્યા હતા અને ધન્યતા અનુભવી હતી. આ ઉદ્ઘાટન સમારોહમાં હિંમતનગર ધારાસભ્ય, પૂર્વ પ્રમુખ જે ડી પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, મહામંત્રી વિજય પંડયા તેમજ કુ.કૌશલ્ય કુંવરબા સહિતના ભાજપના આગેવાનો અને ગામના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ ગરીમાપુર્ણ અવસરે મંદિરના મુખ્ય દાતા અને ટ્રસ્ટી જિગ્નેશભાઈ ડાહ્યાભાઈ પટેલ તેમજ ડો.સુમનચંદ્ર રાવલનુ મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ભકતોએ મહાદેવની આરતી અને પ્રસાદનો લાભ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. આ ધાર્મિક ઉત્સવના ભાગરૂપે આજે તારીખ ૧૦ મી થી ભોલેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય કથાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કથા તારીખ ૧૮ જાન્યુઆરી સુધી રોજેરોજ બપોરે ૨ થી સાંજે ૬ કલાક સુધી ચાલશે. આ તમામ કાર્યક્રમોમાં ભકતોની વિશાળ હાજરી જોવા મળશે. ભગવાન શિવના આશીર્વાદ સાથે આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ બદ્રીનારાયણ મિસ્ત્રી, ગોપાલસિંહ રાઠોડ, ગીરીશભાઈ ભાવસાર, સુમનચંદ્ર રાવલ, ડો.ચીમનભાઈ પટેલ, હરેશ સોમપુરા, દિલીપ સોની, કૈલાસભાઈ



દુધાળી, શશીકાંત સોલંકી, મનુભાઈ વાઘેલા સહિતના તમામ ટ્રસ્ટી મંડળે ભારે જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટ દ્વારા તમામ ભકતોને દર્શન અને કથા શ્રવણનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

### કોમી એકતાના પ્રતિક સમા

# હિંમતનગર શહેરના કહેવાતા શહેનશાહ હઝરત હસન સહીદ (ર.અ.)નો ઉર્સ મુબારક સંપન્ન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના હાથમતી નદીના તટ પર આવેલ હઝરત હસન સહિત (ર.અ.) નો ઉર્સ મુબારક આજે શુક્રવારે ભવ્યાતિભવ્ય સાથે સંપન્ન થયો હતો.

કોમી એકતાના પ્રતિક સમા અને કહેવાતા હિંમતનગર શહેરના શહેનશાહ હઝરત હસન સહીદ (ર.અ.) ના ઉર્સ માં દુર દુર થી હિન્દુ મુસ્લીમ સમુદાયના લોકો પોતાની માનતા (બાધા) લેવા આવતા હોય છે. તો કેટલાક હિન્દુ મુસ્લીમ સમુદાયના લોકો માનતા (બાધા) અદા કરવા માટે આવતા હોય છે. આ હઝરત હસન સહીદ (ર.અ.) ની દરગાહ પર બિમારી અને દુઃખ દુર કરવા માટે દુર દુર થી આવતા હોય છે. ગઈ કાલે ગુરૂવારે બે દિવસથી શરૂ થયેલા હઝરત હસન સહીદ (ર.અ.) નો ઉર્સે મુબારક આજે શુક્રવારે રંગેચંગે સંપન્ન થયો હતો. હઝરત હસન સહીદ (ર.અ.)ની દરગાહ પર મોડી રાત્રે સંદલ શરીફ ની રસ્મો રીવાજ અદા કરવામાં આવી હતી. આજે શુક્રવારે વહેલી સવારે ૨૫૦ થી વધુ ડેગ (તપેલા) માં પ્રસાદ બનાવી વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં સેવાભાવી યુવાનો દ્વારા મહત્વનો ફાળો આપવામાં આવ્યો હતો.





હઝરત હસન સહીદ (ર.અ.) ની દરગાહ ઉપર તમામ સમાજના લોકો ચાદર ચડાવી માનતા (બાધા) અદા કરતા હોય છે. કેટલીક મહિલાઓના કુખે સંતાન ન રહેતુ હોય તેવા લોકો પણ દરગાહ ઉપર આવી પોતાની માનતા (બાધા) રાખી અંતે બાળકનો જન્મ થતા મહિલાઓ પોતાના સંતાનને દરગાહ ઉપર લાવી ગોળ અથવા સાકરમાં તોલી તેની માનતા (બાધા) અદા કરતા હોય છે.હઝરત હસન સહીદ (ર.અ.) દરગાહ કમિટી દ્વારા નાત જાતના ભેદભાવ વગર પ્રસાદીનુ વિતરણ કરવામાં આવતુ હોય છે.

નવાઈની વાત તો એ છે કે હઝરત હસન સહીદ (ર.અ.) ની દરગાહ ઉપર આવતા દુઃખી લોકોના દુઃખ દુર કરવાની સાથે સાથે ઉર્સે મુબારક પર મોટી સંખ્યામાં હિન્દુ લોકો પોતાની રોજી રોટી કમાવવા આવતા હોય છે. મુસ્લીમ સમુદાયના લોકોને ખબર ન હોય કે હઝરત હસન સહીદ (ર.અ.) નો ઉર્સ કયારે આવી રહ્યો છે પરંતુ હિન્દુ ભાઈઓ અગાઉથી જ જાણી લેતા હોય છે અને એક અઠવાડીયા અગાઉ દરગાહની આજુબાજુ પોતાના રોજગાર ધંધા ચાલુ કરી રોજી રોટી કમાઈ લેતા હોય છે.

# ગાંધીનગરમાં ટાઈફોઈડની સાથે વધુ એક કોંગો ફીવરનો ભરડો : તંત્રની કાર્યવાહી ને લઈ ડીડીઓએ આપ્યુ નિવેદન

### ૨૬ વર્ષીય યુવકને ડીસે.મહિનામાં તાવ આવ્યો હતો તપાસ કરાવતા ૭ જાન્યુ. એ રીપોર્ટ પોઝીટીવ આવ્યો : જિલ્લા વિકાસ અધિકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગરમાં તાજેતરમાં દુષિત પાણીને કારણે ટાઈફોઈડના કેસ નોંધાયા હતા. ત્યારે વધુ એક ગાંધીનગરમાં પ્રથમ કોંગો ફીવર પોઝીટીવ કેસ બહાર આવ્યો છે.

જેમાં ગાંધીનગરના પીંડારડા ગામમાં પશુપાલન સાથે સંકળાયેલ ૨૬ વર્ષીય યુવાનનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કોંગો ફીવરનો શંકાસ્પદ કેસ સામે આવતા પશુપાલન વિભાગ અને આરોગ્ય તંત્ર એલર્ટ થયુ છે અને રોગ પશુઓમાં ન ફેલાય તે અંગે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.




આ અંગે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી બી જે પટેલે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે કોંગો ફીવરના કેસ મામલે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તમામ પગલા લેવાયા છે. કોંગો ફીવરનો ભોગ બનનાર ૨૬ વર્ષીય યુવકને ડીસેમ્બર મહિનામાં તાવ આવ્યો હતો. જેથી પુનાની લેબોરેટરીમાં તપાસ કરાવતા ૭ જાન્યુઆરીએ પોઝીટીવ રીપોર્ટ આવ્યો છે. આ રીપોર્ટ બાદ ગામમાં અને દર્દીના સગાને સ્કેનીંગ કરતા તમામની તબિયત સારી છે. ગામના ૩૦૦ થી વધુ પશુઓનુ પણ સ્કેનીંગ કરાયુ છે. જો કે ગામમાં કયાંય કોઈ ચિંતાજનક નથી લક્ષણ દેખાતા,

કોંગો ફીવર જેને સંપૂર્ણ નામે ક્રિમીયન કોંગો હેમોરેઝીક ફીવર(સીસીએચએફ) કહેવામાં આવે છે, આ એક ગંભીર વાયરલ રોગ છે. આ રોગ ક્રિમીયન કોંગો હેમોરેઝીક ફીવર વાઈરસથી થાય છે. જે મુખ્યત્વે ઈતરડી ટીકસના કરડવાથી અથવા ચેપગ્રસ્ત પશુઓના રકત કે પેશીઓના સંપર્કથી મનુષ્યમાં ફેલાય છે. આ રોગના લક્ષણોમાં ચેપ લાગ્યા પછી ૧૦ દિવસમાં લક્ષણો દેખાવા માંડે છે. જેમાં અચાનક ઉંચો તાવ, માથુ, પીઠ અને સ્નાયુઓમાં દુખાવો, ચકકર આવવા, ઉલ્ટી - ઉબકા, ઝાડા, તેમજ ગંભીર કેસમાં નાક, પેઢા કે શરીરમાંથી રકતસ્ત્રાવ (હેમરેજ) આંતરીક રકતસ્ત્રાવ જેવા લક્ષણો દેખાય છે.

# ગૃહમંત્રી હર્ષ સંઘવી જ મંત્રીઓની ભલામણો ધ્યાને લેતા ન હોય તો અધિકારીઓ ધારાસભ્યોના કામો કયાંથી કરે?: સરકારી તંત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહમંત્રીના કાર્યાલયે જ મંત્રીઓના કામો થતા ન હોવાની કેટલાક મંત્રીઓ મીડીયા સામે વરાળ ઠાલવી રહ્યા છે તો કેટલાક ધારાસભ્યો પણ ગૃહ મંત્રીના કાર્યાલયે કામો થતા ન હોવાની ફરીયાદો મીડીયા સમક્ષ કરી રહ્યા છે. ગત ટર્મમાં ગૃહમંત્રી ના કાર્યાલયે ૧૦ હજાર થી વધુ મંત્રીઓ અને ધારાસભ્યોની ભલામણો ધુળ ખાઈ રહી હતી. જે તે વખતે ખુદ મંત્રીઓએ મુખ્ય સચિવ મનોજદાસને મૌખિક રજુઆત કરી હતી. તેમ છતાં મંત્રીઓના કામો થયા ન હતા. ગૃહ મંત્રી દ્વારા ભલામણો ઉપર ધ્યાન




આપવામાં આવ્યુ ન હતુ. પૂર્વ મંત્રી બચુ ખાબડ અને પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા સહિતના મંત્રીઓની ભલામણો છેલ્લા કેટલાય વરસોથી ધુળ ખાતી હતી. તેમ છતાં ગૃહ મંત્રી દ્વારા આ મંત્રીઓની ભલામણો ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવ્યુ હતુ ત્યારે ખુદ સરકારી અધિકારીઓ કહી રહ્યા છે કે મંત્રીઓ જ મંત્રીઓની ભલામણો ઉપર ધ્યાન આપતા નથી તો પછી સરકારી અધિકારીઓ ધારાસભ્યો ના કામો કેવી રીતે કરે ? આમ મંત્રીઓના કામો જ ગૃહ મંત્રીના કાર્યાલયે થતા નથી તેની મુખ્યમંત્રીને રજુઆત કરવાને બદલે સરકારી અધિકારીઓ ધારાસભ્યોના કામો ન કરતા મુખ્યમંત્રી સમક્ષ ધારાસભ્યો ફરીયાદો કરી રહ્યા છે તે કેટલી કારગત નિવડશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# અમદાવાદમાં પાણીના જગ વેચનારાઓએ પાણીને કલોરીનથી શુધ્ધ કરીને વેચવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મહાનગરોમાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉચકતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અધિકારીઓને તકેદારીના પગલા લેવાની સુચના આપવામાં આવી છે. તેમજ શહેરમાં પાણીના જગ (મોટી બોટલો) ના સપ્લાયરો માટે પાણીના પ્યોરીફીકેશન થાય તેના માટે કલોરીનેશન કરવુ ફરજીયાત કરવામાં આવ્યુ છે. તેમના ધંધાકીય એકમોમાં કલોરીફીકેશન થાય તે પ્રકારનુ ઈન્સ્ટોલેશન કરાવવાનુ રહેશે.

જો આ પ્રકારનુ કલોરીન વગરનુ કોઈ પાણી સપ્લાય થતુ હશે



તો એએમસી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવા સંજોગોમાં તેમના પાણી સપ્લાયરોના એકમોને સીલ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે. પાટનગર ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળો વકર્યા બાદ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનુ તંત્ર એલર્ટ બન્યુ છે અને તકેદારીના પગલા રૂપે શહેરના તમામ ૧૭૦ જગના સપ્લાયરોને એકત્રીત કરીને મીટીંગ યોજવામાં આવી હતી. પાણીના જગનો વેપાર કરતા સપ્લાયરોને પાણીનુ કલોરીનેશન કેવી રીતે કરવુ તેની પણ સમજ આપવામાં આવી હતી. બે કે ત્રણ દિવસમાં પાણીના કલોરીનેશન ઈન્સ્ટોલ કરવાની સુચના આપવામાં આવી હતી. આ નિયમ લુઝ સપ્લાય થતી પાણીની એક લીટરની બધી જ કંપનીઓને પણ લાગુ પડશે અને પેકેજીંગ વોટરમાં આ નિયમ લાગુ પડશે નહી, આ અંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યુ હતુ કે શહેરમાં કોઈપણ પ્રકારનો રોગચાળો ફેલાય તે પહેલા જ તેની આગોતરા સાવચેતી લેવામાં આવે તો રોગચાળામાં રાહત રહેતી હોય છે અને રોગચાળો આગળ વધતો અટકે છે.

જેથી શહેરમાં આવેલા વોટર ડીસ્ટ્રિબ્યુશન સેન્ટરો આવેલા છે અને જયાં પાણીનુ વિતરણ થાય છે ત્યાં હાલમાં તેના પીએચ અને કલોરીનેશનની તપાસ કરીને આગળ મોકલવામાં આવે છે. આવનારા સમયમાં કેટલાક પેરામીટર્સ બદલાવવામાં આવશે જેમાં ઈકોલાઈ બેકટેરીયા કે પાણીની અંદરના ટોકિસનને વોટર ડીસ્ટ્રિબ્યુશન સ્ટેશન પર માપવામાં આવશે, જેને પરીણામે જો તેમના પાણીમાં કોઈ શંકા લાગે તો ત્યાં પાણીના વિતરણની તરતજ અટકાયત કરવામાં આવશે.

# ગાંધીનગરમાં દુષિત પાણીથી ટાઈફોઈડ નો કહેર: માનવ અધિકાર પંચે મુખ્ય સચિવને ફટકારી નોટીસ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પીવાના દુષિત પાણીના કારણે ટાઈફોઈડના કેસોમાં થયેલા નોધપાત્ર વધારાને પગલે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ગંભીરતાથી નોધ લીધી છે. આયોગે મીડીયા રીપોર્ટના આધારે સ્વતઃ સંજ્ઞાન લઈને રાજયના મુખ્ય સચિવ મનોજકુમાર દાસને નોટીસ ફટકારી હતી અને બે અઠવાડીયામાં આ મામલે વિગતવાર અહેવાલ રજુ કરવા આદેશ આપ્યો છે. મળતી માહિતી અનુસાર ગાંધીનગરમાં નવી નાખેલી પાણીની પાઈપ લાઈન નેટવર્કમાં અનેક જગ્યાએ લીકેજ હોવાના કારણે પીવાના પાણીમાં ગટરનુ પાણી ભળી ગયુ હતું. આરોગ્ય વિભાગે શહેરના એક ચોકકસ વિસ્તારમાં



ટાઈફોઈડના કુલ ૭૦ સક્રિય કેસોની પૃષ્ટી કરી હતી. તપાસ દરમિયાન વોટર સપ્લાય સિસ્ટમમાં ૭ જેટલા મુખ્ય લીકેજ પોઈન્ટ મળી આવ્યા હતા. આ અહેવાલો સાચા હોય તો તે નાગરીકોના માનવ અધિકારોનુ ગંભીર ઉલ્લંઘન થયુ હોવાનુ આયોગે નોંધ્યુ હતું. અહેવાલો મુજબ વધતા જતા કેસોને પહોચી વળવા માટે ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં ખાસ ૩૦ બેડનો પીડીયાટ્રીક વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે કારણ કે ટાઈફોઈડનો ભોગ બનનારાઓમાં મોટી સંખ્યામાં બાળકો છે. દર્દીઓ ઉચા તાવ અને જઠરાંત્રિય સમસ્યાઓ સાથે હોસ્પીટલ આવી રહ્યા છે.

# તુ તારા વોટ ની મેથી મત માર: મેં સરપંચને સુચના આપી છે: ધારાસભ્ય બચુ ખાબડને મહિલાએ જાહેરમાં રજુઆત કરી કહ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગામમાં કુવો ન બનવાના મુદ્દે એક મહિલાએ સ્થાનિક ધારાસભ્ય બચુ ખાબડ સમક્ષ ઉગ્ર રજુઆત કરતા સમગ્ર ઘટનાએ ચર્ચાનુ સ્વરૂપ ધારણ કર્યુ હતું. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે ગામના સરપંચે કુવો બનાવી આપવાના બહાને તેમની પાસેથી પૈસા લીધા હતા, છતાં આજ દીન સુધી કુવાનુ કોઈ કામ કરવામાં આવ્યુ નથી જેના કારણે તેઓ ન્યાય માટે ભટકી રહ્યા હતા. સાહેબ કુવા માટે સરપંચ સાહેબનો પૈસા આપ્યા. મળતી માહિતી મુજબ મહિલાએ કુવા



માટે પૈસા ચુકવ્યા હતા, છતાં સરપંચ દ્વારા કુવો ન બનાવી આપતા અંતે મહિલાએ આ બાબતની રજુઆત ધારાસભ્ય બચુ ખાબડ સમક્ષ કરી હતી. રજુઆત દરમિયાન મહિલાએ ભાવુક રીતે જણાવ્યુ હતુ કે સાહેબ કુવા માટે સરપંચ સાહેબને પૈસા આપ્યા છે. પરંતુ આજદીન સુધી કુવો બનાવી આપ્યો નથી, મારે આટલી બધી પબ્લિક છે કંઈ તુ એકલી નથી, આ રજુઆત દરમિયાન ધારાસભ્ય બચુ ખાબડ ક્રોધિત થતા નજરે પડયા હતા, તેમણે મહિલાને જવાબ આપતા કહ્યુ હતુ કે મારે આટલી બધી પબ્લિક છે કંઈ તુ એકલી નથી, તારો કુવો બની જશે, તેમણે આગળ ઉમેર્યુ કે આજે આટલી પબ્લિકના સામે કહ્યુ છે એટલે હવે કુવો ચાલુ કરવો જ પડશે, બચુ ખાબડે મહિલાને આશ્વાસન આપતા જણાવ્યુ હતુ કે સરપંચને કહી દીધુ છે એટલે કુવો બનાવી આપશે બસ, તે મને પૈસા આપ્યા છે ? ચર્ચા દરમિયાન બચુ ખાબડે મહિલાને પુછયુ હતુ કે તે મને પૈસા આપ્યા છે ? જેના જવાબમાં મહિલાએ સ્પષ્ટ કહ્યુ હતુ કે ના સાહેબ, પૈસા તમને નથી આપ્યા, પરંતુ વોટ બે હાથ જોડીને તમને જ આપવાના છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો અને સંવાદ સોશીયલ મીડીયામાં ચર્ચાનો વિષય બન્યો છે. મહિલાએ આશા વ્યકત કરી છે કે હવે જાહેર મંચ પર મુદ્દો ઉઠાવ્યા બાદ તેમનો કુવો ચોકકસ બનશે અને તેમને ન્યાય મળશે.

# વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં ગુજરાત ભરમાંથી ૨ હજાર થી વધુ એસટી બસોની ફાળવણી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંતર્ગત આવતી કાલે તારીખ ૧૧ જાન્યુઆરીને રવિવારે સોમનાથ આવી રહેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ માટે રાજકોટ સહિત રાજયભરમાંથી કુલ ૨ હજાર થી વધુ એસટી બસોની ફાળવણી કરાઈ છે. જેમાં રાજકોટ શહેર / જિલ્લામાં થી ૨૦૦ બસમાં ૧૦ હજારથી વધુ લોકો ને રવાના કરવામાં આવશે તેવુ જાણવા મળ્યુ છે. વિશેષમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ના સુત્રો ધ્વારા મળેલી માહિતી મુજબ આવતી કાલે તારીખ ૧૧ જાન્યુઆરીને રવિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોમનાથ



કાર્યક્રમ માટે રાજકોટ સહિત રાજયભરના કુલ ૧૪ એસટી ડીવીઝનમાંથી ૨ હજાર થી વધુ એસટી બસો વડાપ્રધાનના સોમનાથ કાર્યક્રમ માટે ફાળવવા આદેશો કરાયા છે. જેમાં રાજકોટ થી ૨૦૦, જુનાગઢ થી ૨૦૦, ભાવનગર થી ૧૫૦, જામનગર થી ૮૦, અમરેલીથી ૧૨૦, ભરૂચથી ૭૫, વડોદરાથી ૧૦૦, નડીયાદ થી ૨૭૫, અમદાવાદ થી ૧૫૦, ગોધરાથી ૫૦, ભુજ થી ૫૦, પાલનપુર થી ૧૦૦, મહેસાણા થી ૨૭૫ અને હિંમતનગર થી ૧૦૦ અને સુરતથી ૭૫ એસટી બસોની ફાળવણી કરાઈ છે.

તો બીજી તરફ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાંથી ૨૫, ગોંડલ તાલુકામાંથી ૨૫, ધોરાજી તાલુકામાંથી ૩૦, ઉપલેટા તાલુકામાંથી ૨૦, જામ કંડોરણા તાલુકામાંથી ૧૫, કોટડા સાંગાણી તાલુકામાંથી ૧૦, જસદણ તાલુકામાંથી ૨૦, વિછીંયા તાલુકામાંથી ૧૦, લોધીકા તાલુકામાંથી ૫, પડધરી તાલુકામાંથી ૮, જસદણ શહેરમાંથી ૪, ગોંડલ શહેરમાંથી ૬, ધોરાજી શહેરમાં થી ૭, ઉપલેટા શહેરમાં ૭, ભાયાવદર શહેરમાંથી ૪, જેતપુર શહેરમાંથી ૪ સહિત ૨ હજાર થી વધુ એસટી બસોની ફાળવણી કરાઈ છે.

### પાટણ સાંસદ અને ધારાસભ્ય આવ્યા મેવાણીના સમર્થનમાં:

# પોલીસને હપ્તા પહોચતા હોવાથી બુટલેગરો બેફામ બન્યા: પાટણના ભાજપ સાંસદ અને ધારાસભ્યએ દારૂના અડ્ડા બંધ કરાવવા કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લાના સાંસદ અને ધારાસભ્ય આજે કોંગ્રેસ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સમર્થનમાં આવ્યા હોય તેવુ લાગી રહ્યુ હતું. પાટણ જિલ્લાના સમી તાલુકામાં દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે હવે સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓએ જ




મોરચો માંડયો છે. પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, રાધનપુરના ધારાસભ્ય લવીંગજી ઠાકોર અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં જિલ્લા પોલીસવડા કચેરીએ પહોચ્યા હતા.

ઠાકોર સમાજના બંધારણ મુજબ ગામડાઓમાં દારૂ બંધી કરાવવા માટે શરૂ થયેલી જનતા રેડ દરમિયાન બુટલેગરોની દાદાગીરી સામે નેતાઓએ રોષ વ્યકત કર્યો હતો.

આગેવાનોએ સીધો આક્ષેપ કર્યો હતો કે પોલીસને હપ્તા પહોચતા હોવાથી બુટલેગરો બેફામ બન્યા છે. ધારાસભ્ય લવીંગજી ઠાકોરે જિલ્લા પોલીસવડાને આવેદન પત્ર પાઠવી તાત્કાલીક દારૂના અડ્ડાઓ બંધ કરાવવા અને બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.